Department of
Education

GOVERNMENT OF
WESTERN AUSTRALIA

# ધોરણ 11 અને 12 માટે પસંદગીઓ કરવી

## માતાપિતા અને સંભાળકર્તાઓ માટે માહિતી

વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના અભ્યાસમાં રસ  હોય શકે છે, તેમના મનમાં એક વિશિષ્ટ કારકિર્દી હોય શકે છે જેમાં વધુ શિક્ષણ અને તાલીમ શામેલ હશે અથવા તેઓ શાળા છોડ્યા પછી કાર્યબળમાં પ્રવેશવાનો ઈરાદો ધરાવે છે. ધોરણ 11 અને 12માં વિદ્યાર્થીઓ માટે વિશાળ શ્રેણીનાં વિકલ્પો છે જે યુનિવર્સિટી, તાલીમ અને રોજગાર માટે બહુવિધ માર્ગો પૂરાં પાડે છે.

### ધોરણ 11 અને 12નાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમો અને કાર્યક્રમ વિકલ્પો.

| વિકલ્પો | વર્ણન |
|---|---|
| **એટાર (ATAR) અભ્યાસક્રમો** | ઓસ્ટ્રેલિયન ટર્ટરી એડમિશન રેન્ક (ATAR) અભ્યાસક્રમોમાં સામાન્ય રીતે શૈક્ષણિક ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. ATAR હાંસલ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ધોરણ 12ના ઓછામાં ઓછા ચાર એટાર કોર્સ પૂર્ણ કરવાની જરૂર હોય છે. સામાન્ય રીતે યુનિવર્સિટી અભ્યાસ સુધી પહોંચવા માટે હાથ ધરવામાં આવતા હોવા છતાં, એટાર અભ્યાસક્રમો કાર્યલક્ષી તાલીમ સહિત શાળા પછીના શ્રેણીબદ્ધ માર્ગો માટે પણ ઉત્કૃષ્ટ છે. |
| **સામાન્ય અભ્યાસક્રમો** | આઅભ્યાસક્રમો મુખ્યત્વે એવા વિદ્યાર્થીઓ માટે છે કે જેઓ સામાન્ય રીતે શાળા પૂર્ણ કર્યા પછી વધુ વ્યાવસાયિક તાલીમમાં અથવા કાર્યબળમાં પ્રવેશવાનું લક્ષ્ય રાખે છે. સામાન્ય અભ્યાસક્રમોમાં ATAR અભ્યાસક્રમોની જેમ બાહ્ય રીતે નિર્ધારિત પરીક્ષાઓ હોતી નથી, પરંતુ તેમાં ધોરણ 12માં ફરજીયાત બાહ્ય નિર્ધારિત કાર્ય કરવાનું હોય છે જે વિદ્યાર્થીના એકંદર મૂલ્યાંકનના 15 ટકા છે. કેટલાક યુનિવર્સિટી અભ્યાસક્રમમાં વૈકલ્પિક પ્રવેશ માર્ગનાં ભાગરૂપે વિદ્યાર્થીઓ કેટલાક સામાન્ય અભ્યાસક્રમોનો ઉપયોગ કદાચ કરી શકે. |
| **પાયાનાં અભ્યાસક્રમો** | જે વિદ્યાર્થીઓને ધોરણ 12નાં અંત પહેલાં સાક્ષરતા અને/અથવા અંકશાસ્ત્ર માટેના લઘુત્તમ ધોરણો હાંસલ કરવા માટે સહાયની જરૂર હોય તેમના માટે રચાયેલ છે. આઅભ્યાસક્રમો કાર્યાત્મક સાક્ષતા અને અંકશાસ્ત્રનાં કૌશલ્યો, વ્યવહારુ કાર્ય-સંબંધિત અનુભવ અને જીવન અને રોજગાર માટે જરૂરી એવા વ્યક્તિગત કૌશલ્યો કેળવવાની તક પર ધ્યાન કેન્દ્રિત કરે છે.<br>પાયાનાં અભ્યાસક્રમોમાં પરીક્ષા હોતી નથી, તેમાં ફરજીયાત બાહ્ય નિર્ધારિત કાર્ય કરવાનું હોય છે જે, આઅભ્યાસક્રમ માટે વિદ્યાર્થીનાં શાળા-આધારિત મૂલ્યાંકનનાં 15 ટકા મૂલ્ય ધરાવે છે. |

CC BY
Exclusions may apply

| | |
|---|---|
| **વીઈટી લાયકાતો** | વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે માન્ય કાર્યલક્ષી શિક્ષણ અને તાલીમ (વીઈટી) લાયકાત પૂર્ણ કરે છે. વીઈટી કાર્યસ્થળ પર  અને તેને લગતાં કૌશલ્યો અને જ્ઞાનનું નિર્માણ કરે છે. વિદ્યાર્થીઓ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયન સર્ટીફિકેટ ઓફએજ્યુકેશન (ડબ્લ્યુએસીઈ)માં ગણતરી કરવા માટે વીઈટી લાયકાતોનો ઉપયોગ કરી શકે છે. |

D23/0255360
February 2023

CC BY
Exclusions may apply

| | |
|---|---|
| **સ્વીકૃત કાર્યક્રમો** | સ્વીકૃત કાર્યક્રમો ડબ્લ્યુએસીઈ અભ્યાસક્રમો અથવા વીઈટી કાર્યક્રમોમાં આવરી ન લેવાતું હોય તેવા શિક્ષણને પ્રવૃત્તિઓ મારફતે રજૂ કરે છે. સ્વીકૃત કાર્યક્રમો, શાળાઓ, કાર્યસ્થળો, યુનિવર્સિટીઓ અને સમુદાય સંગઠનો મારફતે વિવિધ વ્યવસ્થાઓમાં પ્રદાન કરવામાં આવતાં કાર્યક્રમોમાં ભાગ લેવા ઇચ્છતાં વિદ્યાર્થીઓ માટે છે.સ્વીકૃત કાર્યક્રમોને શાળાના અભ્યાસક્રમના ભાગ રૂપે અથવા અભ્યાસક્રમની વધારાની પ્રવૃત્તિઓ તરીકે વિતરિત કરી શકાયછે અને વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ ડબ્લ્યુએસીઈ તરફ ગણના માટે કરી શકે છે. |
| **પ્રાથમિક અભ્યાસક્રમો** | પ્રાથમિક અભ્યાસક્રમો એવા વિદ્યાર્થીઓ માટે બનાવવામાં આવ્યા છે જેમને શીખવામાં મુશ્કેલી અને/અથવા બૌધિક વિકલાંગતા ધરાવતા તરીકે ઓળખવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમો એવા વિદ્યાર્થીઓ માટે વિકલ્પો પૂરાં પાડે છે કે જેઓ સૂમેળ સાધીને અને/અથવા વિકલાંગતાની જોગવાઈઓ સાથે એટાર, સામાન્ય અથવા પાયાનાં અભ્યાસક્રમોની સામગ્રીનો ઉપયોગ કરી શકતાં નથી.<br>પ્રાથમિક એકમો ડબ્લ્યુએસીઈની પ્રાપ્તિમાં ફાળો આપતાં નથી. |



Exclusions may apply